JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets | ISC Indian Steel Corporation Ltd. | durashine TATA BLUESCOPE STEEL | TATA SHAKTEE GC SHEET
ALEVATE PERFORMANCE AT ITS PEAK Aluminium Roofing Sheets
• Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
• Galvanised Plain Sheet - MS - CRC sheets
• Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
• 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
• Poly Carbonate, PVC Sheets & Roofing Accessories
STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Pertrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in

# ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?
ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.
અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા, સુરત.
ફોન : 2429322 મો : 9824059872

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા
વડોદરા
માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪
GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57
વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ શ્રાવણ પૂનમ શુક્રવાર ૨૮ ઓગષ્ટ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૬૧
પાનાં ૧૬ કિંમત ₹ ૫.૦૦

## US, કેનેડા અને ઓસ્ટ્રેલિયન નાગરિકત્વ ધરાવતા મૂળ ગુજરાતીઓ પણ ગુમ

# કૈલાસ યાત્રાએ ગયેલા ગુજરાતના 18 પ્રવાસીઓ નેપાળના પૂરમાં ગુમ

**અમદાવાદ,** આણંદ, સુરત, ખેડા, ગાંધીનગર સહિતના યાત્રીકોનો સમાવેશ

**સ્થાનિક** વહીવટી તંત્ર દ્વારા શોધખોળ શરૂ કરવામાં આવી

ગાંધીનગરઃ નેપાળમાં અતિભારે વરસાદ બાદ આવેલા વિનાશક પૂર અને ભૂસ્ખલન વચ્ચે કૈલાસ-માનસરોવર યાત્રા તથા પ્રવાસે ગયેલા ગુજરાતના અને મૂળ ગુજરાતના ૧૮ લોકો સંપર્કવિહોણા અથવા ગુમ હોવાનું સામે આવ્યું છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા ૨૭ ઓગસ્ટે સાંજે ૫ વાગ્યે જાહેર કરાયેલી યાદી મુજબ અમદાવાદ, આણંદ, રાજકોટ, વલસાડ, સુરત, ખેડા, અમરેલી, ગાંધીનગર અને વડોદરાના લોકોનો તેમાં સમાવેશ થાય છે. આ પૈકી કેટલાક લોકો વિદેશના નાગરિક હોવાનું પણ નોંધાયું છે. નેપાળમાં પૂર અને ભૂસ્ખલનના કારણે અનેક માર્ગો અને સંપર્ક વ્યવસ્થા ખોરવાઈ જતાં ગુમ થયેલા યાત્રિકોની ચોક્કસ સ્થિતિ મેળવવામાં મુશ્કેલી ઊભી થઈ છે. ગુજરાતનું વહીવટી તંત્ર સંબંધિત પરિવારો પાસેથી માહિતી મેળવી રહ્યું છે તેમજ નેપાળમાં સંબંધિત તંત્ર અને અન્ય એજન્સીઓ સાથે સંકલન કરીને સંપર્કવિહોણા લોકોની ભાળ મેળવવાના પ્રયાસો કરીરહ્યું છે.

### ગુજરાતના કયા શહેરના કયા પ્રવાસીનો સંપર્ક થયો નથી??

**- વડોદરાઃ** વડોદરાના કિન્નરી પટેલ અને મિહિર પટેલ કૈલાસ-માનસરોવર યાત્રા માટે ગયા હતા અને છેલ્લો સંપર્ક થયા બાદ તેમની ભાળ મળી નથી. બંને ન્યૂઝીલેન્ડના નાગરિક હોવાની નોંધ છે. આણંદના બિમલકુમાર પટેલ અને જૈમિનાબેન પટેલ પણ કૈલાસ-માનસરોવર યાત્રા પર હતા અને બંને સાથેનો સંપર્ક તૂટી ગયો છે. બંને અમેરિકાના નાગરિક હોવાનું નોંધાયું છે.
**- અમદાવાદઃ** અમદાવાદના અશોકભાઈ ધીરજલાલ કાપડિયા પણ કૈલાસ-માનસરોવર યાત્રા દરમિયાન ચીન સરહદ નજીકના ઇમિગ્રેશન કેન્દ્ર સુધી પહોંચવાના હતા. છેલ્લે સવારે આશરે ૮.૩૦ વાગ્યે તેમની સાથે સંપર્ક થયો હતો, ત્યારબાદ તેમની ભાળ મળી નથી. રાજકોટના જય દિનેશ કોટેચા અને વલસાડની રોમા દિલીપભાઈ ઈંતવાલા પણ રસુવાગઢી-કેરુંગ સરહદ તરફના વિસ્તારમાં સંપર્કવિહોણા થયાની નોંધ છે. જોકે રોમા ઈંતવાલા અંગે વલસાડના મામલતદારે તેઓ હાલ નેપાળમાં સુરક્ષિત હોવાની માહિતી આપી છે.
**- સુરતઃ** સુરતના નટવરલાલ પરેશભાઈ પટેલ, જ્યોતિબેન પરેશભાઈ પટેલ અને મીનાક્ષીબેન સંજયભાઈ રામાણીનો પણ છેલ્લા ૨૪ કલાકથી સંપર્ક થઈ શક્યો નથી. નટવરલાલ અને જ્યોતિબેન અમેરિકામાં રહે છે, જ્યારે મીનાક્ષીબેન મુંબઈમાં રહે છે. ત્રણેય કૈલાસ-માનસરોવર યાત્રા માટે ગયા હોવાનું સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના સત્તાવાર સૂત્રોએ માહિતી આપી છે.
**- ખેડાઃ** ખેડાના ઉમેશભાઈ ભોગીલાલ પટેલ, આકાંક્ષાબેન ઉમેશ પટેલ અને ઈશાન પટેલ પણ નેપાળથી સંપર્કવિહોણા થયા છે. ત્રણેય ૨૩ ઓગસ્ટે દિલ્હીથી વિમાન મારફતે નેપાળ પહોંચ્યા હતા અને ૨૫ ઓગસ્ટની સાંજે સાત વાગ્યે છેલ્લો સંપર્ક થયો હતો. યાદી મુજબ આ પૈકી ઉમેશભાઈ અને આકાંક્ષાબેન કેનેડાના નાગરિક, જ્યારે ઈશાન અમેરિકાના નાગરિક છે.
**- ગાંધીનગરઃ** ગાંધીનગરના ભાવિનકુમાર આર. રાવલ, અમિતા અમીન, તેજલ પટેલ અને જીતેન્દ્ર પટેલનો પણ સંપર્ક થયો નથી. ભાવિનકુમાર ઓસ્ટ્રેલિયન નાગરિક છે, જ્યારે અમિતા અમીન, તેજલ પટેલ અને જીતેન્દ્ર પટેલ અમેરિકાના નાગરિક હોવાનું યાદીમાં દર્શાવવામાં આવ્યું છે. આ ઉપરાંત અમરેલીના દિનેશભાઈ પ્રાગજીભાઈ પટેલ પણ સંપર્કવિહોણા હોવાનું નોંધાયું છે.

### રાજકોટના ૧૨૦ યાત્રાળુઓનો ચમત્કારિક બચાવ

નેપાળની આ હોનારત વચ્ચે રાજકોટના આશરે ૧૨૦ લોકો માટે યાત્રા રદ થવી જાણે આશીર્વાદરૂપ બની છે. આ લોકો કૈલાસ-માનસરોવર યાત્રાએ જવાના હતા અને આયોજન મુજબ જે વિસ્તારમાં હાલ વિનાશક પૂર અને ભૂસ્ખલન થયું છે તે તરફ પહોંચીને રાત્રિ ...અનુસંધાન પાના 15 પર

### આણંદના દંપતી અને અન્ય ગુજરાતીઓની ભાળ માટે પ્રયાસ


આણંદના વિમલ પટેલ અને તેમની પત્ની જૈમીના પટેલ પણ નેપાળમાં આવેલા વિનાશક પૂર વચ્ચે સંપર્કવિહોણા થયા હોવાની માહિતી સામે આવી છે. બંને ૧૬ ઓગસ્ટે નેપાળ ગયા હતા અને ત્યારબાદ માનસરોવર યાત્રાએ જવાનું આયોજન કર્યું હતું. પરિવારજનો સાથે છેલ્લી વાતચીત બાદ સંપર્ક ન થતાં તેમની ભાળ મેળવવા પ્રયાસો હાથ ધરાયા છે.

# નેપાળ-તિબેટના જળપ્રલયમાં મૃત્યુઆંક ૩૬૨ પર પહોંચ્યો


**નેપાળમાં** ૩૫૯ અને તિબેટમાં ૩નાં મોત

**કુલ** ૧૪૬૮ લોકો લાપતા, આમાંથી નેપાળમાં ૯૧૦ અને તિબેટમાં ૫૫૮ ગુમ થયા છે

**લાપતા** લોકોને શોધવા સઘન પ્રયાસો ચાલુ, ખોવાયેલા સ્વજનોને શોધવા હોસ્પિટલોમાં લોકોની ભીડ







**કાઠમંડુ, ૨૭ (PTI):** નેપાળ અને તિબેટમાં આવેલા ભીષણ પૂરના કારણે ગુરુવારે મૃત્યુઆંક વધીને ૩૬૨ સુધી પહોંચી ગયો છે, જેમાં નેપાળમાં ૩૫૯ અને પડોશી દેશ તિબેટમાં ત્રણ લોકોનાં મોતનો સમાવેશ થાય છે. આ સાથે જ બચાવકર્તાઓએ ૨૯૦ ભારતીય નાગરિકો સહિત ગુમ થયેલા સેંકડો લોકોને શોધવા માટે સમય સાથેની દોડ શરૂ કરી દીધી છે.

નેપાળ-તિબેટ સરહદ નજીક ગ્લેશિયર તૂટી પડવાથી હિમ અને ખડકો ધસી પડ્યા હતા જેના કારણે બુધવારે મધ્ય નેપાળમાંથી પાણી, કાદવ અને કાટમાળનો ભયાનક પૂરનો પ્રવાહ વહ્યો હતો. આ દુર્ઘટનાએ શહેરો અને ગામડાઓને તારાજ કરી દીધા હતા; ઘરો, વાહનો, રસ્તાઓ અને પુલો તણાઈ ગયા હતા તથા હાઇડ્રોપાવર પ્રોજેક્ટ્સને ભારે નુકસાન પહોંચાડ્યું હતું. નેપાળના અધિકારીઓએ ૯૧૦ લોકો ગુમ હોવાનો રિપોર્ટ આપ્યો છે. બચાવકર્તાઓ કાદવ અને કાટમાળથી ભરાયેલી નદીના વિસ્તારોમાં શોધખોળ કરી રહ્યા છે, જ્યારે પરિવારો પોતાના સ્વજનોની શોધમાં હોસ્પિટલોમાં ભીડ જમાવી રહ્યા છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ દુર્ઘટનામાં તિબેટમાં પણ ૫૫૮ લોકો ગુમ થયા છે, જેનાથી સરહદની બંને બાજુ ગુમ થયેલા કુલ લોકોની સંખ્યા ૧,૪૬૮ ...અનુસંધાન પાના 15 પર

**અસરગ્રસ્ત વિસ્તારોમાં વિનાશના દ્રશ્યો**

અસરગ્રસ્ત વિસ્તારોની છબીઓ અને વિડિઓઝ વિનાશનું ભયાનક દ્રશ્ય બતાવે છે, જેમાં ઇમારતો તૂટી ગઈ છે અથવા કાદવ અને કાટમાળના પૂર વચ્ચે ઉભી રહી ગઈ છે, વાહનો દટાઈ ગયા છે અથવા તણાઈ ગયા છે, રસ્તાઓ તૂટી ગયા છે અને પુલો ધોવાઈ ગયા છે. રસૂવા અને નુવાકોટ જિલ્લાના નદી કિનારે આવેલા મોટા વિસ્તારો કાદવ, પથ્થરો અને કાટમાળથી ઢંકાઈ ગયા છે.

## દિલ્હી ડાયરી



### ન્યાયતંત્રમાં અસાધારણ ઘટના

ઉચ્ચ ન્યાયતંત્રના બે ન્યાયાધીશો સામસામે આવી ગયા છે, જે ન્યાયિક જગતની એક વિચિત્ર ઘટના છે. અને તેનાથી પણ વધુ ખરાબ બાબત એ છે કે આ લડાઇ – કોઈ અંગત મુદ્દા કે અહંકારના કારણે નહીં, પરંતુ ઔચિત્યના મુદ્દે – ખુલ્લેઆમ સામે આવી છે. એક અત્યંત અસામાન્ય ઘટનાક્રમમાં સુપ્રીમ કોર્ટના જસ્ટિસ સંદીપ મહેતાએ આ મહિનાની શરૂઆતમાં ભારતના મુખ્ય ન્યાયાધીશ (સીજેઆઈ) સૂર્યકાંતને ત્રણ પત્રો લખીને રાજસ્થાન હાઈકોર્ટના કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ એસ. પી. શર્માની અન્ય હાઈકોર્ટમાં ટ્રાન્સફર કરવા અને તેમના સ્થાને નવા મુખ્ય ન્યાયાધીશની નિમણૂક કરવાની માંગ કરી હતી. સીજેઆઈને લખેલા પોતાના પત્રોમાં – આ પત્રો 2 ઓગસ્ટ, 10 ઓગસ્ટ અને 17 ઓગસ્ટે લખવામાં આવ્યા હતા અને સુપ્રીમ કોર્ટ કોલેજિયમના અન્ય સભ્યોને પણ તેની નકલ ...અનુસંધાન પાના 15 પર

## નેપાળમાં ગ્લેશિયર તૂટવાને કારણે પૂર આવ્યું, ભૂકંપને કારણે નહીં: USGS

**લાંબા** ગાળાના સીસ્મિક તરંગોના વધારાના પૃથક્કરણ પરથી આ સ્પષ્ટતા થઇ

**ઘટના** સ્થળ નજીકના હિમશિખરો પરથી નોંધપાત્ર બરફ ઓછો થઇ ગયેલો જણાય છે

**વોશિંગ્ટન, 27 (PTI):** નેપાળમાં આવેલા અચાનક પૂર હિમશિખર તૂટવાના કારણે આવ્યા હતા, નહીં કે અગાઉ અહેવાલ આપ્યા મુજબ ૪.૪ની તીવ્રતાના ભૂકંપને કારણે, એમ યુએસ જીઓલોજિકલ સર્વે(USGS)એ જણાવ્યું છે.

USGSએ જણાવ્યું હતું કે લાંબા ગાળાના સીસ્મિક તરંગોના વધારાના પૃથક્કરણ પરથી માલૂમ પડ્યું છે કે આ કંપન ગ્લેશિયર તૂટવા અને કાટમાળના વહનને કારણે ઉત્પન્ન થયા હતા. બુધવારે તિબેટમાંથી શરૂ થયેલા અચાનક પૂરે નેપાળના રસુવા અને ધાદિંગ જિલ્લામાં ભારે તારાજી સર્જી હતી, જેમાં 162 લોકોનાં ...અનુસંધાન પાના 15 પર

## નવું બેરિયર તળાવ રચાતા નેપાળમાં એક નવા ઘોડાપૂરનું જોખમ

**ભોટે** કોશી નદીના ઉદગમસ્થાન નજીક આ કુદરતી બંધ જેવું તળાવ રચાયું છે, જે તૂટી શકે છે: ચીનની ચેતવણી

**ગુરુવાર** સવાર સુધીમાં ૨૦ લાખ ઘન મીટર પાણી એકઠું થઇ ગયું, હજી વધુ પાણી પ્રવેશી રહ્યું છે

**કાઠમંડુ, 27:** નેપાળના રસુવા જિલ્લામાં ભોટે કોશી નદીના ઉદગમ વિસ્તાર નજીક એક નવું બેરિયર તળાવ બન્યા બાદ નીચાણવાળા વિસ્તારોમાં ફરીથી પૂરનું જોખમ ઊભું થયું છે. ચીની સત્તાવાળાઓએ ચેતવણી આપી છે કે આ તળાવ તૂટી શકે છે, તેમ ગુરુવારે અધિકારીઓએ જણાવ્યું હતું.

જળવિજ્ઞાન અને હવામાન વિભાગ(DHM) એ જણાવ્યું હતું કે તેને ચીન તરફથી નેપાળ-ચીન સરહદ નજીક નદીમાં અવરોધ ઊભો થવાથી તળાવ બન્યું હોવાની માહિતી મળી છે. વિભાગના જણાવ્યા અનુસાર, ચીન સરકારે આ માહિતી નેપાળના વિદેશ મંત્રાલયને આપી હતી. ચીની અધિકારીઓએ એવો અંદાજ લગાવ્યો છે કે ગુરુવાર સવાર સુધીમાં તળાવમાં લગભગ ૨૦ લાખ ઘન મીટર પાણી એકઠું થઈ ગયું હતું, જ્યારે આગામી ત્રણ દિવસમાં તેમાં વધુ ૩૦ લાખ ઘન મીટર પાણી પ્રવેશવાની શક્યતા છે, જેના કારણે તળાવ તૂટવાની ચિંતા વધી ગઈ છે.

આ તળાવ નેપાળમાં છોચેન ખોલા અને પુરેપુ તસાંગપો નદીઓના સંગમ નજીક બન્યું છે. આ બંને નદીઓ તિબેટમાંથી નીકળે છે અને નેપાળમાં વહે છે, જ્યાં તે ભોટે કોશી નદી પ્રણાલીનો એક ભાગ બને છે. ...અનુસંધાન પાના 15 પર

## નેપાળના ઘોડાપૂરમાં ૨૯૦ ભારતીયો લાપતા

**આ ઉપરાંત** તિબેટમાં અન્ય ૨૦૦ જેટલા ભારતીયો ફસાયેલા છે

**લાપતા** લોકોમાં જુદા જુદા રાજ્યોના અનેક કૈલાસ માનસરોવર યાત્રાળુઓનો સમાવેશ

**નવી દિલ્હી, તા. 27(PTI):** નેપાળ-તિબેટ સરહદે આવેલા વિનાશક પૂર બાદ ઓછામાં ઓછા ૨૯૦ ભારતીયો ગુમ છે અને ચીનની બાજુએ આશરે 200 અન્ય ભારતીયો ફસાયેલા છે. વિદેશ મંત્રાલયે ગુરુવારે જણાવ્યું હતું કે, નવી દિલ્હી બંને દેશોના સત્તાવાળાઓ સાથે સતત સંપર્કમાં છે જેથી તેમના બચાવ કાર્યનું સંકલન કરી શકાય.

હિમાલયન દેશમાં બચાવ કામગીરીએ વેગ પકડ્યો છે, ત્યારે ભારતે કહ્યું કે તે સંકટનો સામનો કરવા માટે નેપાળ સાથે "ખભેથી ખભો મિલાવીને" ઊભું છે. બુધવારે આવેલા આ પૂરમાં 260 થી વધુ લોકોના મોત થયા હતા અને પુલ, રસ્તાઓ તથા હાઈડ્રોપાવર પ્રોજેક્ટ્સ તણાઈ જતાં ભારે વિનાશ સર્જાયો હતો. ઉચ્ચ અધિકારીઓ અને કાઠમંડુ તથા બીજિંગ સ્થિત ભારતીય ...અનુસંધાન પાના 15 પર

## ઈંડા મોંઘા થઈ રહ્યા છે: ઈથેનોલ પરિબળ જવાબદાર?

**મરઘીઓના** ખોરાકનો મહત્વનો ભાગ એવી મકાઇ ઇથેનોલના ઉત્પાદન તરફ મોટા પ્રમાણમાં વળી રહી છે

**મકાઇ** મોંઘી થતા તેની અસર ઈંડાના ભાવ પર પડી રહી હોવાના જાણકારોનો અભિપ્રાય



**નવી દિલ્હી, તા. 27 :** ઈંડા, જે પ્રોટીનનો સૌથી સસ્તો સ્ત્રોત છે, તે હવે ખિસ્સા પર ભારે પડી રહ્યા છે. એક જ વર્ષમાં ઈંડાના ભાવમાં લગભગ ૪૦%નો વધારો થયો છે, જેમાં ફાર્મ-ગેટ(ઉત્પાદન સ્થળે) ભાવ ઈંડા દીઠ આશરે રૂ. ૭ પર પહોંચી ગયા છે અને ઓનલાઈન ડિલિવરી પ્લેટફોર્મ પર રિટેલ ભાવ લગભગ રૂ. ૧૪ સુધી પહોંચી ગયા છે. ભારતમાં શિયાળા દરમિયાન ઈંડાની માંગ સામાન્ય રીતે વધતી હોવાથી, પોલ્ટ્રી ખેડૂતો અને ...અનુસંધાન પાના 15 પર

### તા. ૨૭-૦૮-૨૦૨૬નું વડોદરા શહેરનું હવામાન

| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો | મોસમનો |
|---|---|---|
| | 0.0 મીમી | ૫૪૯ મીમી |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | 33.૪ સે. | ૨૬.૬ સે. | ૫૬% |

